ગુજરાતમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરે ચૂંટણી

ચૂંટણી પંચે કાર્યક્રમ બહાર પાડી દેતાં આચાર સંહિતાનો અમલ શરૂ કરી દેવાયો, ૨૦મી ડિસેમ્બરે પરિણામ જાહેર

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં છેલ્લા એક મહિનાથી જેનો ઈન્તજાર હતો તે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં બે તબક્કામાં મતદાન થશે. ચૂંટણી જાહેર થવાની સાથે જ આચાર સંહિતાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. ગુજરાતમાં ૧૩મી અને ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી નિર્ધારિત કરવામાં આવી છે, જેની મત ગણતરી ૨૦મી ડિસેમ્બરે યોજાશે.

ભારતના ચૂંટણી કમિશનર વી.એસ.સંપટે નવી દિલ્હીમાં ભાજપ શાસિત હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ અને કાર્યક્રમ જાહેર કર્યો છે. જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ પ્રમાણે ચૂંટણી પ્રક્રિયા ૨૫મી ડિસેમ્બરે પૂરી થશે. આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન આખા રાજ્યમાં જંગી સુરક્ષા વ્યવસ્થાનો પ્રબંધ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

બીજાની મહેનતનું ફળ ખાવાની જ્યારથી માણસને વૃત્તિ જાગી ત્યારથી પાપની શરૂઆત થઇ
- થોમસ રીંક

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૫ | ૪ ઓક્ટોબર, ૨૦૧૨, ગુરૂવાર; નિજ ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર જિલ્લામાં ૧૭ ડિસેમ્બરે મતદાન

જિલ્લાની ૫ બેઠકો સહિત ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૫ બેઠકો પર બીજા તબક્કામાં મતદાન, ૨૩ નવેમ્બરે જાહેરનામું પ્રસિધ્ધ કરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો સહિત ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૫ બેઠકોની વિધાનસભાની ચૂંટણી બીજા તબક્કામાં યોજાશે.

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે ગુજરાતની ચૂંટણી બે તબક્કે યોજવાની જાહેરાત કરી હતી. ચૂંટણીની આ જાહેરાતની સાથે જ રાજ્યમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો આજથી અમલ શરૂ થયો છે.

ચૂંટણી પંચે કરેલી જાહેરાત મુજબ પ્રથમ તબક્કામાં ૮૭ બેઠકો માટે ચૂંટણી યોજાશે જ્યારે બીજા તબક્કામાં ૯૫ બેઠકો માટે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૧૭મી નવેમ્બરના રોજ જાહેરનામું જારી કરવામાં આવશે જ્યારે બીજા તબક્કાની ચૂંટણી માટે ૨૩મી નવેમ્બરના રોજ ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે.

દિપાવલી પર્વો પછી તુરત જ યોજાનાર આ ચૂંટણીને લઈ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. બંને મુખ્ય રાજકીય પક્ષોના ટિકિટ વાંચ્છુઓની દોડધામ નવરાત્રિ દરમિયાન જ દિલ્હી સુધીની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લાના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિતો પ્રમાણે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેનો તમ્બો દિલ્હી ખસેડાઈ ચુકયો છે અને બે તબક્કામાં ચૂંટણી યોજાવાની હોઈ ચૂંટણી માટેના ઉમેદવારોની યાદી પણ તબક્કાવાર જાહેર કરવામાં આવશે.

બીજા તબક્કાની ચૂંટણીમાં વિધાનસભાના નવા સીમાંકનને કારણે થયેલા ફેરફારો વધુછે. નવી બેઠકોપણ રચાઈ હોવાથી રાજકીય સમીકરણોમાં ભારે બદલાવ જોવા મળશે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નિરીક્ષકોની નિમણુંક આ સપ્તાહના અંત સુધીમાં થઈ જશે. દરમિયાન જિલ્લા એકમ પાસેથી જિલ્લાની રાજકીય સ્થિતિને લઈ વિસ્તૃત અહેવાલ માંગવામાં આવ્યો છે.

ભાજપ દ્વારા વર્ગીકૃત કરાયેલ બેઠકોમાં ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો 'સી' કેટેગરીમાં આવે છે જે ભારે મહેનત માંગી રહી છે. આ માટે ઉમેદવારોની પસંદગી અંગે નિરીક્ષકોના અહેવાલ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે અને જિલ્લા એકમના અહેવાલ સાથે રાખી ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા પ્રદેશ મોવડી મંડળ કરશે.

ભાજપમાં પણ ઉમેદવારોની પસંદગી તબક્કાવાર કરવામાં આવશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

કર્મચારીઓનાં વાહનભથ્થાંનો દર બમણો કરાયો

મેડિકલ એલાઉન્સ વધારી પ્રતિમાસ રૂ. ૩૦૦ કરાયું : મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે ૭ ટકા વધારો કરવાનો સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા.૩

રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને હાલમાં અપાતા વાહન ભથ્થાના દરને દરેક સંવર્ગ માટે બમણો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા સુધારવામાં આવેલા દરને કારણે સરકારની તિજોરી પર રૂ. ૫૦૦ કરોડનો બોજો પડશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જયનારાયણ વ્યાસે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને સરકારી ફરજના ભાગરૂપે મુસાફરી દરમિયાન મળવાપાત્ર દૈનિક ભથ્થાના દરને બમણો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને તેમજ પેન્શનરોને દર મહિને રૂ. ૧૦૦ પ્રમાણે મેડીકલ એલાઉન્સ ચૂકવવામાં આવે છે તેને બદલે રૂ. ૩૦૦ પ્રતિમાસ મેડીકલ એલાઉન્સ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

અન્ય જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ કર્મચારીઓ અધિકારીઓને ચૂકવાતા એલાઉન્સનો પાંચમાં પગારપંચને બદલે હવે છઠ્ઠા-પગાર પંચના પગાર ઉપર આકારવામાં આવશે તેજ પ્રમાણે સ્પે પગારની રકમ પણ છઠ્ઠા પગાર પંચના પગાર મુજબ મળશે.

તેમણે જણાવ્યું હતું કે આ સિવાય રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો કરવનો નિર્ણય કરેલ છે જેના કારણે રાજ્યની તિજોરીને લગભગ રૂ. ૧૦૦૦ કરોડનો બોજ પડશે.

કર્મચારી મંડળોની સરકાર સાથેની મંત્રણા પડી ભાંગી : મંડળોની લડતની ચિમકી

ગાંધીનગર, તા. ૩

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે સંકલન સમિતિની રાજ્ય સરકાર સાથે યોજાયેલી મંત્રણાઓ પડી ભાંગતા આગામી દિવસોમાં સરકાર સાથે જલદ કાર્યક્રમો આપીને લડી લેવાની ચિમકી કર્મચારી સંકલન સમિતિએ આપી છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે આજે સાંજે રાજ્ય કર્મચારી સંકલન સમિતિના હોદ્દેદારો અને મંત્રીઓની પેટા સમિતિ સાથે મંત્રણા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચર્ચા કર્યા વગર જ સરકારે જાહેરાત કરે તેને આવકારવાનો આગ્રહ રાખતા સંકલન સમિતિના આગેવાનોએ તેનો વિરોધ કરીને બેઠક છોડી જતાં મંત્રણાઓ પડી ભાંગી હતી.

આજે મંત્રણાઓ પડી ભાંગતા રાજ્ય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ અને મહામંત્રી અબ્દુલ ચૌહાણ સહિતના આગેવાનોએ આગામી દિવસોમાં સરકાર સામે આક્રમક કાર્યક્રમો આપીને પડતર પ્રશ્નો અંગે લડાઈ લડી લેવામાં આવશે એણ જણાવ્યું છે.

સરકારનો નિર્ણય કર્મચારીઓની ક્રૂર મશ્કરી સમાન : સચિવાલય ફેડરેશન

ગાંધીનગર, તા. ૩

સચિવાલય ફેડરેશને પણ રાજ્ય સરકારના નિર્ણયને વિશ્વાસઘાત સમાન ગણાવીને સરકાર સામે લડત ચાલુ રાખવાની ચીમકી આપવામાં આવી છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકાર અને સચિવાલય ફેડરેશનના આગેવાનો સાથે ગત ૨૦મી સપ્ટેમ્બરના રોજ મંત્રણા યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારે હકારાત્મક વલણ અપનાવીને તેમના પ્રશ્નો ઉકેલવા માટેની હૈયાધારણા આપવામાં આવી હતી.

જો કે આજે યોજાયેલી મંત્રણા બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નિર્ણય કર્મચારીઓ અધિકારીઓની ક્રૂર મજાક સમાન હોવાનું સચિવાલય ફેડરેશનના પ્રમુખ મનુભાઈ પટેલે જણાવ્યું છે.

રાજ્ય સરકાર સામેના કોંગ્રેસના તમામ આક્ષેપો તદ્દન પાયા વગરના અને તથ્યવિહિન છે

સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ એમ.બી. શાહ કમિશનનો તપાસ અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત

ગાંધીનગર, તા. ૩

સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી એમ.બી. શાહના અધ્યક્ષસ્થાને ગુજરાત સરકારે નીમેલા તપાસ પંચે આપેલા અહેવાલનો રાજ્ય મંત્રીમંડળે સ્વીકાર કર્યો છે. જેની વિગતો આ પ્રમાણે છે.

શાહ કમિશને તા. ૨૭-૯-૨૦૧૨ના રોજ તેમને સોંપવામાં આવેલા ૧૫ મુદ્દાઓની તપાસ પૈકી નવ મુદ્દાઓની તમામ કાર્યવાહી પૂર્ણ કરીને તેમનો આખરી અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો. જેમાં મુખ્યત્વે જમીન અંગેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, રાજ્ય મંત્રીમંડળે આ અહેવાલ ઉપર વિશદ્ ચર્ચા કરીને તેની ભલામણોનો સ્વીકાર કર્યો છે. જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે, તપાસ પંચે કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને સદંતર પાયા વગરના અને તથ્યવિહોણા ગણાવ્યા છે અને એમ પણ પ્રવક્તાએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા દરેક પ્રકરણમાં કરવામાં આવેલી કામગીરી યોગ્ય હોવાનું જણાય છે અને સરકારની આ કામગીરી ગુજરાતમાં જૂની અને વર્તમાન પ્રસ્થાપિત સરકારી નીતિઓ તેમજ ભારત સરકારના નીતિ નિયમો અને નિર્દેશિકાઓ તથા ભલામણોને અનુરૂપ છે તેવી ખાસ નોંધ તપાસ પંચે લીધી છે.

રાજ્યના વિકાસની ગતિ લોકોની રોજગારી અને ટેકનોલોજીની દંષ્ટીએ રાજ્યમાં સ્થપાતા ઉદ્યોગો માટે રાજ્ય સરકારે કરવાની કામગીરી પણ નીતિ નિયમોને આધારે કરવામાં આવી છે, તેમ પણ તપાસ પંચે યોગ્ય ઠરાવ્યું છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ શ્રી એમ.બી. શાહના તપાસ પંચના અહેવાલની મહત્વની વિગતો આ પ્રમાણે જાહેર કરી છે.

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તા. ૩-૬-૨૦૧૧ના રોજ ભારતના મહામહીમ રાષ્ટ્રપતિશ્રીને આપેલ આવેદનપત્રમાં રાજ્ય સરકાર સામે જુદા જુદા વિષયે ૧૭ જેટલા આક્ષેપો કરેલ.

જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર અંગેના લોકમત ખૂબ જાગૃત બન્યો હોય ત્યારે રાજ્ય સરકારે સત્ય જાહેર

● અનુસંધાન પાન-૭ પર